■ અહેવાલ-તસવીરોઃ
**કેતન** મિસ્ત્રી (ચંપારણ્ય)

# ચાલો, ચંપારણ્ય!

**પુ**ષ્ટિ સંપ્રદાયના સ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું જ્યાં પ્રાકટ્ય થયું, એ વૈષ્ણવોનું સૌપ્રથમ તીર્થક્ષેત્ર ચંપારણ્ય આમ તો આદિવાસી ગામ છે, પણ અહીં વર્ષે પાંચેક લાખ શ્રદ્ધાળુઓ માથું ટેકવવા આવે છે એવો અહીંનો મહિમા છે. આવતી ૨૧ એપ્રિલે મહાપ્રભુજીના પાંચસો ને બત્રીસમા પ્રાકટ્યદિનની અહીં ધામધૂમથી ઉજવણી થઈ રહી છે ત્યારે ચાલો, આ ઐતિહાસિક સ્થળની મુલાકાત લઈએ.



*અય દિલ તુઝે કસમ હૈ,*
*તૂ હિંમત ના હારના...*
*ચાહે જૈસા ભી હો જીવન,*
*તૂ જીવન ગુજારના...*

વહેલી સવારે અમારો સંઘ નીકળી પડ્યો છે પરિક્રમા કરવા. સંઘમાં સામેલ છે જામનગરથી આવેલા પંચોતેર વર્ષના ગોકુળ ચંદારાણા. એ એકદમ મસ્તીમાં છે. પરિક્રમાનું દસેક કિલોમીટરનું અંતર કાપવા એ નૉસ્ટાલ્જિયામાં સરી પડી સોંગ ગાતાં ગાતાં વચ્ચે વચ્ચે જાતજાતની વાતો કરે છે:

‘મને ફરવાનો તથા વાંચનનો બહુ શોખ. અમે ચાર આનામાં *ચિત્રલેખા* વાંચતા, વજુભાઈ (*ચિત્રલેખા*ના સ્થાપક વજુ કોટક)ના *ધોંડુ-પાંડુ*, *કરસનકાકા* ને એમની નવલકથા *ચૂંદડી ને ચોખા*એ અમને ઘેલું લગાડેલું...’

લગભગ ચારેક કલાકે અમારી પરિક્રમા પૂરી થશે ને અમે મંદિરમાં પાછા ફરીશું.

મંદિર? હા, મંદિર. એક ઐતિહાસિક મંદિર. ૧૫મી શતાબ્દીના મહાન દાર્શનિક શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુની પ્રાકટ્ય ભૂમિ, જ્યાં પુષ્ટિ સંપ્રદાયનો જન્મ થયો એ વૈષ્ણવોનું પાયાનું તીર્થક્ષેત્ર ચંપારણ્ય.

થોડાં વર્ષ પહેલાં મધ્ય પ્રદેશમાંથી કંડારાયેલા છત્તીસગઢ રાજ્યની રાજધાની રાયપુરથી આશરે પચાસ કિલોમીટરના અંતર પર આવેલું ચંપારણ્ય (ચંપારણ) આદિવાસીઓની વસતિવાળું એક પછાત ગામ છે, પણ અહીં ભારતના જ નહીં, બલકે દુનિયાના ખૂણેખૂણામાં વસેલા વૈષ્ણવો ઊમટે છે મહાપ્રભુજીની બેઠકનાં દર્શન કરવા, કારણ કે પુષ્ટિ સંપ્રદાયનો પાયો જ અહીં નખાયો.


એમાંય આવતી ૨૧ એપ્રિલે તો અહીં લાખેક વૈષ્ણવો ઊમટશે. ૨૧ એપ્રિલ અથવા ચૈત્ર વદ અગિયારસ એટલે શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પ્રાકટ્યદિન એટલે કે એમની જન્મતિથિ.

આ વર્ષે જન્મોત્સવ પહેલાં કથાકાર મોરારિબાપુ ભાગવતકથાનું પાન કરાવવા ચંપારણ્ય પધારી રહ્યા છે. પ્રાકટ્યદિનના એક સપ્તાહ પહેલાં એ અહીં કથા કરશે. આમ મહાપ્રભુજીના પ્રાકટ્યદિનની ઉજવણીમાં સામેલ થવા, મોરારિબાપુની કથાનું પાન કરવા દેશ-વિદેશમાંથી આશરે એકાદ લાખ વૈષ્ણવો અહીં ઊમટશે.

એક અંદાજ મુજબ દેશ અને દુનિયામાં આશરે ત્રણ-સાડા ત્રણ કરોડ વૈષ્ણવોની વસતિ છે. પુષ્ટિમાર્ગને અનુસરનારા વૈષ્ણવોમાં મોટે ભાગે હાલાઈ લોહાણા, ભાટિયા અને કપોળો છે.

*કોણ હતા વલ્લભાચાર્ય મહાપ્રભુજી અને શું મહત્ત્વ છે આ બેઠકનું?*

પુષ્ટિમાર્ગના પ્રસિદ્ધ પ્રવર્તક, વૈષ્ણવ ધર્મના પ્રસિદ્ધ આચાર્ય શ્રી વલ્લભાચાર્ય મહારાજ રોકાયા હોય તથા વેદની પારાયણ અને ભાગવતની સપ્તાહ કરી હોય તે ઠેકાણું *બેઠક* તરીકે ઓળખાય છે. બીજા અર્થમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શ્રીમુખથી કરેલી શ્રીમદ્ ભાગવતકથાનું સ્થળ એટલે બેઠક.



*બેઠકજી મંદિરમાં પ્રવેશતાં પહેલાં મહાપ્રભુજી-શ્રીનાથજી-યમુનાજીની કલાત્મક મૂર્તિનાં દર્શન થાય છે.*



*દર્શન ખૂલવાની પ્રતીક્ષામાંઃ હવેલી સ્થાપત્યની યાદ અપાવતો આ વિશાળ ચોક વેઈટિંગ લાઉન્જની ગરજ સારે છે.*



*સમયાંતરે સગવડો વધતાં ઉત્સવ-મહોત્સવ ઉપરાંત અહીં બારે માસ વૈષ્ણવોનો ધસારો રહે છે.*



*સુદામાપુરીઃ 'શ્રી વલ્લભનિધિ' તથા 'શ્રી ગોપાલ' જેવી ત્રણ ધરમશાળા મળીને આશરે બે હજાર વૈષ્ણવોને ઊતરવાની સગવડ આપે છે.*

ભારતભરમાં આવાં ૮૪ સ્થળ અથવા બેઠક મંદિર છે, પણ આ બધાંમાં ચંપારણ્યનું સ્થાન મૂઠીઊંચેરું છે, કારણ કે અહીં એમનો જન્મ થયો. બીજા શબ્દોમાં આ બેઠક એટલે મહાપ્રભુજીની પ્રાકટ્ય બેઠક તથા એનું નિજ મંદિર છે.

આ ઉપરાંત, અહીં મહાપ્રભુજીની છઠ્ઠીજીની પણ બેઠક છે. આમ બબ્બે બેઠકનાં દર્શન ચંપારણ્ય જતા વૈષ્ણવોને થાય છે.

ઈતિહાસ કહે છે કે આંધ્ર પ્રદેશના તેલુગુ બ્રાહ્મણ લક્ષ્મણ ભટ્ટ પત્ની ઈલ્લામાગારુ સાથે કાશીયાત્રા કરી ઘેર પાછા ફરી રહ્યા હોય છે. ફરતાં ફરતાં એ ચંપારણ્યની નજીકથી પસાર થઈ રહ્યાં હોય છે ત્યાં ઈલ્લામાગારુને પ્રસવપીડા થઈ... વિક્રમ સંવત ૧૫૩૫, ચૈત્ર વદ અગિયારસના દિને, આઠમે મહિને ઈલ્લામાગારુએ બાળકને જન્મ આપ્યો. સમય કરતાં વહેલું જન્મેલું આ બાળક અત્યંત નબળું હતું.

દંતકથા એવી છે કે નવજાત શિશુની રુગ્ણતાથી માતા-પિતા નિરાશ થઈ ગયાં. બાળકને પાંદડાંથી ઢાંકી પતિ-પત્ની નજીકમાં જ આવેલા ભગવાન ચંપેશ્વર મહાદેવની સ્તુતિ કરવા લાગ્યાં. પછી બાળકને વૃક્ષની બખોલમાં મૂકી માતા-પિતા નજીકના ગામ ચૌડા પહોંચ્યાં, જ્યાં ઈલ્લામાગારુનો ઉપચાર થયો.

એ પછી પુનઃ યાત્રા કરવાનો સમય આવ્યો ત્યારે ધડકતે હૈયે માતા-પિતાએ પેલી વૃક્ષની બખોલમાં નજર કરી તો બાળક પગનો અંગૂઠો ચૂસતું હતું ને એની ચારે કોર અગ્નિ પ્રજ્વળતો હતો. આમ અગ્નિચક્રની વચ્ચે સુરક્ષિત બાળક કિકિયારી કરી રહ્યું હતું.

આ ઘટનાને પાંચસોબત્રીસ વર્ષ થઈ ગયાં એટલે આ વર્ષે મહાપ્રભુજીનો પાંચસો ને બત્રીસમો પ્રાકટ્યદિન હશે.

મહાપ્રભુજીએ ત્રણ ત્રણ વાર સંપૂર્ણ ભારતવર્ષનું પરિભ્રમણ કર્યું. આ ત્રણની સંખ્યા પણ સૂચક છે. આપણાં લોક ત્રણ છે, ભગવાન વિષ્ણુએ ત્રણ ડગલાંમાં સમસ્ત બ્રહ્માંડને માપી લીધેલું ને મહાપ્રભુએ ત્રણ વાર આ મહાદેશનું ભ્રમણ કર્યું.

પુષ્ટિનો અર્થ અહીં *પોષણ* નહીં, પણ *કૃષ્ણ પરમાત્માની કૃપા* એવો કરવામાં આવે છે. ઈશ્વરની કૃપાથી ઈશ્વરની પ્રાપ્તિ થઈ શકે છે એવો મત ધરાવનારા કહેવાય છે *પુષ્ટિમાર્ગી.*

*ચિત્રલેખા*એ ચંપારણ્યની મુલાકાત લીધી ત્યારે અહીં કોઈમ્બતુરથી ઉમાબહેન પ્રતાપ પુજારાથી લઈને લિસ્બન (પોર્ટુગલ)થી એચ.વી. ખીમજી, પ્રજ્ઞાબહેન એમ લંડન, કોલકાતા, બેંગલુરુ, મુંબઈથી જી.કે. દાવડા સહિત ઠેર ઠેરથી વૈષ્ણવો ઊમટ્યાં હતાં. લંડનથી આવેલા એક વૈષ્ણવ અમારા કાનમાં ફૂંક મારતા હોય એમ કહે છેઃ

'યુ નો સમથિંગ? મહાપ્રભુજીની આ એકમાત્ર બેઠક એવી છે, જ્યાં ચોતરાજીનાંય દર્શન થાય છે. ચોતરાજી

# ધર્મભૂમિને એમણે કર્મભૂમિ બનાવી દીધી!



ચંપારણ્ય જેવા પછાત વિસ્તારમાં વૈષ્ણવો માટે જેનું ઐતિહાસિક મૂલ્ય છે એવા સ્થળની કાયાપલટ કરનારા કૃષ્ણકાંતભાઈ *દાદાજી*ના હુલામણા નામે ઓળખાય છે. ૩૧ જુલાઈ, ૧૯૨૭ના રોજ નાથદ્વારામાં જન્મેલા કૃષ્ણકાંત મથુરાદાસ અઢિયા પૂ.ગો. શ્રી ગોવર્ધનલાલજી તિલકાયત મહારાજના ઘરના સેવક છે. દાદાજીની કર્મભૂમિ મુંબઈ હતી. પોતે ટૅક્સ પ્રેક્ટિશનર હતા. જો કે પાછલાં વર્ષોમાં એમણે ચંપારણ્યની ધર્મભૂમિને જ પોતાની કર્મભૂમિ બનાવી દીધી.

આજે ૮૨ વર્ષની વયે એ ઓગણીસ કલાક કામ કરે છે. છેલ્લાં ત્રીસેક વર્ષથી એ સવારે છ વાગ્યે સૂવા જાય છે. છથી અગિયાર વાગ્યા સુધી-પાંચ કલાકની ઊંઘ લઈ બપોરથી ફરી પાછા એ કામે વળગે છે. વચ્ચે વચ્ચે મંદિરમાં કથા-કીર્તન કરવા પણ બેસી જાય. એમની સાથે જ રહેતા યુવાન, તેજસ્વી પૌત્ર અંબરીષ કમલભાઈ અઢિયા અમને કહે છે:

'દાદાજીને શાંતિથી મળવાનો શ્રેષ્ઠ સમય છેઃ રાતના અગિયાર!'

અને ચંપારણ્યમાં નિવાસની બીજી રાતે અગિયાર વાગ્યે *ચિત્રલેખા* દાદાજીને મળી અહીંનો ક્રમબદ્ધ ઈતિહાસ જાણવા મથે છે...

***ચિત્રલેખાઃ અત્યારે આ ક્ષણે તમને શું સાંભરે છે?***

**દાદાજીઃ** જમીનના માલિકી હક માટે ચાલેલી સત્યાવીસ વર્ષ લાંબી કોર્ટલડાઈ. એ વર્ષો યાદ આવે છે ને થાય છે કે કોઈ અલૌકિક શક્તિએ જ આ શક્ય બનાવ્યું. નીંભર રાજકારણીઓ, એમની વોટ બૅન્ક જેવી સ્થાનિક પ્રજા, આદિવાસી વિસ્તાર-આ બધાં સામે હું એકલો ગુજરાતી. સ્થાનનો કબજો મળ્યો ત્યારે અહીં અઢીસો ફૂટની ઝૂંપડી (જેમાં બેઠક હતી) તથા સાડા સાત રૂપિયાની સિલક હતી...

***સમસ્યા શું હતી?***

■ ટૂંકમાં કહું તો જે ખેડૂતની આ જમીન હતી એણે થોડી જમીન ચંપેશ્વર મહાદેવજીના મંદિરને તથા થોડી જમીન મહાપ્રભુજીના મંદિરને આપવી એવું ગિફ્ટ ડીલ કરેલું, પણ કોને કેટલી જમીન આપવી એનો ફોડ એમાં પાડવામાં આવ્યો નહોતો એટલે એમના અવસાન બાદ કોર્ટકચેરીનાં ચક્કર શરૂ થયાં.

***પહેલાં શું હતું અહીં?***

■ મહાપ્રભુજીના જન્મોત્સવમાં ચાલીસ વર્ષથી નિયમિત અહીં આવું... મીન્સ? જેની પર મહાપ્રભુજી બેઠેલા એ ચોતરો. એ ટોટલ ચંદનનો છે. લુક હિયર... જુઓ!'

અમે ત્યાં નજર કરીએ છીએ. બેઠકજી અને એની આસપાસ ઝારી, ચરણસ્પર્શ, ભોગ, સામગ્રી, ન્યોચ્છાવરની એક અલૌકિક સૃષ્ટિ ખડી થઈ છે. અમુક વૈષ્ણવો મંદિર સંકુલમાં આવેલાં સ્નાનગૃહોમાં *અપરસ* સ્નાન કરી રહ્યા છે. (*અપરસ* એ ખરેખર તો *અસ્પર્શ* શબ્દનું જ અપભ્રંશ છે. સ્નાન કરી ચોખ્ખા થયા બાદ અન્ય કોઈ વ્યક્તિને સ્પર્શ ન કરવો એટલે અપરસ!) કોઈ વળી સોવિનિયર શૉપમાં ધાર્મિક ચીજવસ્તુ નિહાળી રહ્યું છે. આ ઉપરાંત, આવી રહેલા મહાઉત્સવ, (પ્રાકટ્યદિન)ની ચોતરફ તડામાર તૈયારી, નવાં બાંધકામ થઈ રહ્યાં છે.

૧૮ એકરમાં ફેલાયેલા તીર્થસ્થળ ચંપારણ્યમાં મહાપ્રભુજીની બેઠકનું સુંદર મંદિર, યમુનાઘાટ, ચંપેશ્વર મહાદેવનું મંદિર, શ્રી રામ-જાનકી મંદિર, અઢીસોથીય વધુ ગાયો ધરાવતી શ્રી વલ્લભ ગૌશાળા, વૈષ્ણવોના નિવાસ માટે અત્યાધુનિક સગવડોથી સજ્જ ધરમશાળા તથા ઢગલાબંધ લીલાંછમ્મ વૃક્ષો ને ધૂળ-માટી છે. ધૂળ-માટીનો એટલા માટે વિશેષ ઉલ્લેખ કરવો પડે, કેમ કે આપણાં સદ્ભાગ્યે બીજાં ઐતિહાસિક સ્થળોની જેમ અહીં શહેરીકરણ થયું નથી!

અહીં વૃક્ષને કાપવામાં આવતાં નથી. આટલે મોટે પાયે મંદિરનિર્માણ થયું, વિકાસ થયો, પણ હરિયાળી યથાવત્ રહી. જે વૃક્ષની બખોલમાં બાળ વલ્લભજીને મૂકી માતા-પિતા નજીકના ગામ ચૌડા જતાં રહેલાં એ વૃક્ષ આજે પણ હેમખેમ છે. અરે, હોળીને દિવસે પણ દહનનો કાર્યક્રમ થતો નથી.

નિજ મંદિરમાં પ્રવેશતાં જ સૌપ્રથમ મહાપ્રભુજી-શ્રીનાથજી-યમુનાજીની સુંદર મૂર્તિનાં દર્શન થાય છે. એ પછી આવે છે એક વિશાળ ચોક અને ત્યાર બાદ મુખ્ય મંદિર.

આ પરિસર તથા ગામમાં ફરતાં ફરતાં એક વાત જે સામે આવે છે તે એ કે *શ્રી મહાપ્રભુજી પ્રાકટ્ય બેઠકજી ટ્રસ્ટ* દ્વારા ધર્મ અને સમાજોદ્ધારનો સરસ સમન્વય થયો છે. ઘણી વાર ધાર્મિક સ્થળોએ સ્થાનક, મૂર્તિ, વગેરે માટે ચિક્કાર ધન ખર્ચવામાં આવે છે, પણ માનવસેવાને નામે મીંડું હોય .

ચંપારણ્યની વાત કરીએ તો *બેઠકજી ટ્રસ્ટ* દ્વારા ચંપારણ્યના પછાત ગ્રામવાસીઓ માટે એક સરસ મજાની સ્કૂલ, નિઃશુલ્ક તબીબી સુવિધા, ઈમર્જન્સી હોય ને તબીબી સારવાર માટે નજીકના શહેરમાં જવું પડે તો ફ્રી ઍમ્બ્યુલન્સ, રિક્રિયેશન હૉલ, ગાયો તથા અન્ય પશુઓ માટે દવાખાનું, વગેરે સુવિધા ધર્મ માટે આવેલાં દાનમાંથી થોડીક રકમ ફાળવીને ગોઠવવામાં આવી છે. થોડા જ સમય પહેલાં ગામની આદિવાસી કન્યાઓનાં

*ચંપારણ્યમાં જ શ્રીમદ્ વલ્લભાચાર્યની છઠ્ઠીજીની બેઠક પણ છે.*



એ સમયે એક રૂપિયાનું ઘાસ ભરેલું કંતાનનું ગાદલું ભાડે લેતો, ચાદર ઘેરથી લાવવાની. એક રૂપિયો ખેતરમાં રહેવાનું ભાડું. ત્રણેક દિવસ રહી મુંબઈ પાછો ફરતો. બહુ ખિન્ન થઈ જતો કે આવા ઐતિહાસિક સ્થાનની આ દશા?

***પછી?***

■ પછી બે વાર મને ઈશ્વર તરફથી એવા સંકેત, રિમાઈન્ડર મળ્યાં કે મારે અહીં આવવું અને જીર્ણોદ્ધાર કરવો. અંતે ૧૯૭૮માં એકાવન વર્ષની વયે દુનિયાદારીનાં બધાં કામ પૂરાં કરી બધું છોડી અહીં આવીને વસી ગયો. એક જ લક્ષ હતુંઃ કરોડો વૈષ્ણવો જેને પૂજે છે એ મહાપ્રભુજીના જન્મસ્થાનની જમીનનો કબજો લઈ એનો વિકાસ કરવો તથા એને એવું સ્થળ બનાવવું, એવી સગવડો ઊભી કરવી કે દેશ-દુનિયામાંથી વૈષ્ણવો અહીં આવી બેઠકજી સામે માથું ટેકવી શાંતિ મેળવી શકે.

***આ માટે આવેલાં વિઘ્નો?***

■ વિઘ્નો? વિઘ્નો અહીં બટાલિયનમાં આવ્યાંઃ ભૂમિવિવાદોથી લઈને દીવાની ફોજદારી, અદાલતી કાર્યવાહીઓ, સ્વાર્થી રાજકારણીઓ, અસામાજિક તત્ત્વો... એક વાર તો મહાપ્રભુજીના પ્રાકટ્યદિનની ઉજવણીને દિવસે જ અમને કોર્ટરિસીવરનો ઑર્ડર મળ્યો કે *હવેથી આ જગ્યાનો કબજો કોર્ટ લઈ લેશે.* રાતોરાત એની સામે સ્ટે લાવવા મેં કાગળિયાં તૈયાર કર્યાં-સ્ટે લીધો.

***તમે કહ્યું કે કબજો મળ્યો ત્યારે સાડા સાત રૂપિયા સિલક હતી...***

***આજે શું સ્થિતિ છે?***

■ તમારા સવાલનો જવાબ આપવામાં સામાન્ય રીતે મને વિમાસણ થાય-અહંને પુષ્ટિ મળે, પણ આપની તથા આપના વાચકોની જાણકારી માટેઃ આજે અઢાર એકરનું નંદનવન તથા પચાસ કરોડ રૂપિયાથી વધુની પ્રૉપર્ટી ખડી થઈ છે. બેઠકજી મંદિરને અડીને આવેલા અતિ પ્રાચીન ચંપેશ્વર મહાદેવજીના મંદિર, શ્રી રામ-જાનકી તથા આસપાસનાં ક્ષેત્રનાં અલગ અલગ સંપ્રદાયનાં નાનાં-મોટાં મંદિરના જીર્ણોદ્ધાર કર્યા.

***જીર્ણોદ્ધાર માટે કોઈ આર્કિટેક્ટની નિમણૂક કરવામાં આવી નહોતી એ સાચું?***

■ હા, કારણ કે જમીનવિવાદોને લીધે પહેલેથી કોઈ પ્લાન જ તૈયાર નહોતા. ચાલુ કામમાં જે ડિઝાઈન-પ્લાન સૂઝ્યાં એ પ્રમાણે બાંધકામ કરાવ્યું. જો કે અનાયાસ જ સંપ્રદાયની મર્યાદા પ્રમાણે આકર્ષક ડિઝાઈન બનતી ગઈ.

***આગામી યોજના?***

■ ડેવલપમેન્ટનો, પ્રોગ્રેસનો ક્યારેય અંત આવતો નથી. મારો હાલનો પ્રોજેક્ટ છે કલાસંગ્રહાલય, એક સુંદર આર્ટ ગૅલરી. આશરે એક કરોડ રૂપિયાને ખર્ચે બની રહેલી આ આર્ટ ગૅલરીમાં પ્રવેશનાર ચાર કલાક સુધી બહાર નીકળી નહીં શકે એવાં અલભ્ય ચિત્રો, ગ્રંથો, દસ્તાવેજો, ઈતિહાસ, વગેરે એમાં હશે. ટ્રસ્ટને જેમ જેમ ડોનેશન મળતાં જાય તેમ તેમ કામ આગળ વધતાં જાય.

સમૂહલગ્ન ટ્રસ્ટ તરફથી કરાવી આપવામાં આવ્યાં.

આ ઉપરાંત, આધુનિક સગવડ ધરાવતી ટ્રસ્ટની ધરમશાળા *સુદામાપુરી*થી લઈને ગૌશાળા, મંદિર, હવેલી, વગેરે વિવિધ સ્થળોએ સેંકડો ગામવાસીઓને નોકરીએ રાખવામાં આવ્યા છે. જે લોકો આ સ્થાનોમાં નોકરી નથી કરતા એમને આડકતરી રીતે રોજી-રોટી ઊભી કરી આપવામાં આવી છે, જેમ કે ધરમશાળાથી મંદિર જવા પૅડલવાળી રિક્ષા છે. વૃદ્ધો કે શારીરિક તકલીફવાળા વૈષ્ણવો આ રિક્ષામાં બેસીને મંદિર પહોંચી શકે છે.

*સુદામાપુરી ધરમશાળા* સિવાય અમદાવાદના પ્રખ્યાત કથાકાર ભાગવતાચાર્ય કૃષ્ણશંકર શાસ્ત્રી દ્વારા ૧૯૬૦ના દાયકામાં બંધાયેલી *શ્રી વલ્લભનિધિ ધરમશાળા* તથા *શ્રી ગોપાલ ધરમશાળા* પણ મંદિરની નજીકમાં છે.

***અહીંની ગૌશાળામાં અઢીસોથી વધુ ગાયોને લાપસી ખવડાવવાનું વૈષ્ણવોમાં ઘણું મહત્ત્વ છે.***



*સુદામાપુરી ધરમશાળા*માં એસી-નૉનએસી જેવા વિવિધ રૂમ્સ છે, જે માટે વાજબી ભાડું લેવામાં આવે છે. અહીં એક વિશાળ કિચન પણ છે, જેમાં મોટા ગ્રુપવાળા વૈષ્ણવ ઈચ્છે તો જાતે પણ રસોઈ બનાવી શકે. જો કે બેઠકજી મંદિરમાં વૈષ્ણવોને બે ટંક સાત્ત્વિક ભોજન મળે છે, જે માટે કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. ધરમશાળાની સાથે અટેચ્ડ કેન્ટીનમાં ચા-કૉફી-નાસ્તો-કોલ્ડ ડ્રિન્ક્સ, વગેરે પણ મળે છે.

ચંપારણ્ય વિશે ટૂંકમાં કહેવું હોય તો આ એક બિલકુલ પછાત ગામ છે. હશે માંડ માંડ પાંચેક હજારની વસતિ. સ્થાનિક પ્રજા મોટે ભાગે ખેતી પર અવલંબે છે ને ગરીબી છે, પણ પ્રજા એકંદરે શાંતિપ્રિય અને ઈમાનદાર છે, અપરાધ નહીંવત્ છે...

ચંપારણ્ય જવું બહુ જ સરળ છે. મુંબઈ, અમદાવાદ જ નહીં, બલકે છેક કોઈમ્બતુરથી રાયપુર જંક્શનની સીધી ટ્રેન મળે છે. સૌથી નજીકનું ઍરપોર્ટ રાયપુર (માના) ઍરપોર્ટ છે.

યાત્રીનાં ગ્રુપ બેઠકજી ટ્રસ્ટની ધરમશાળાને અથવા સંસ્થાને અગાઉથી જાણ કરે તો નાનાં-મોટાં વાહનની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. એવી જ રીતે આગોતરા ફોન, પત્ર દ્વારા જાણ કરી ધરમશાળામાં રૂમ બુક કરાવી શકાય છે. ચંપારણ્ય ઉપરાંત, રાયપુર, મુંબઈ તથા ગુજરાત-સૌરાષ્ટ્રના વૈષ્ણવો રાજકોટ ઑફિસમાંથી માહિતી મેળવી શકે.

લો, હવે અમારી પરિક્રમા પૂરી થવામાં છે. અરે હા, આ પરિક્રમા શેની અને એનું મહત્ત્વ શું?

ચંપારણ્ય ગામથી આ પરિક્રમાનો પ્રારંભ થાય છે. ચારેક કિલોમીટરની આ પદયાત્રામાં ડાંગરનાં લીલાંછમ્મ ખેતરો વચ્ચે યજ્ઞકુંડનું એક અતિપ્રાચીન સ્થાન આવે છે, જ્યાં મહાપ્રભુજીએ યજ્ઞ કરેલો. નજીકમાં જ એક તળાવ છે. એ તળાવનાં બે-ત્રણ ટીપાંનો શિર પર છંટકાવ કરવામાં આવે છે.

હવે સામે બેઠક મંદિરની ધજા ફરકતી દેખાય છે એ જોઈને અમારા સંઘમાંનાં લેસ્ટર, લંડનનાં છાયાબહેન વૈષ્ણવોનું પ્રિય ભજન લલકારે છેઃ

*ઓ ચંપારણ્યના માલિક તારી*
*ઝાંખી કરવા આવી છું...*
*ઓ ચંપારણ્યના માલિક તારી*
*ઝારી ભરવા આવી છું...* ■

feedback2ketan@chitralekha.com